દિવ્ય ભાસ્કર Divya Bhaskar

**February 18th, 2011**
**Gujarati**

18th February 2011

CITY ભાસ્કર

www.divyabhaskar.com

# જાણો વિશ્વની વર્તમાન પ્રાકૃતિક સ્થિતિ...



## પુસ્તક વિમોચન

**સિટી રિપોર્ટર. અમદાવાદ**

પર્યાવરણ શિક્ષણ- અમદાવાદ દ્વારા અમેરિકાની વર્લ્ડ વોચ સંસ્થાના સહયોગથી સ્ટેટ ઓફ ધ વર્લ્ડ, ૨૦૧૧ના રિપોર્ટની ભારતીય આવૃતિ પ્રકાશિત કરવામાં આવી છે. વર્લ્ડ વોચ સંસ્થા સ્વાયત્ત રીતે કામ કરતી સંસ્થા છે, જે ઊર્જા, કુદરતી સંપત્તિ અને પર્યાવરણીય નિસબત સાથે દર વર્ષે દુનિયાની પરિસ્થિતિ બાબત પર અભ્યાસપૂર્ણ દસ્તાવેજ તૈયાર કરે છે. ૨૦૧૧ના વર્ષનો દસ્તાવેજ 'નાવીન્યતા જે વિશ્વને પોષે છે' તે શીર્ષક હેઠળનો હતો. આ દસ્તાવેજી પુસ્તકનું વિમોચન રાજ્યના કમિશનર અને અગ્રસચિવ રીટાબહેન ટીઓટિયા દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગૂજરાત વિદ્યાપીઠના કુલપતિ સુદર્શન આયંગર, ધીરુભાઈ અંબાણી ઈન્સ્ટિટયૂટ ઓફ કંમ્યુનિકેશન ટેકનોલોજી, ગાંધીનગરના પ્રોફેશર હિરેમથ તથા સંસ્થાના નિયામક કાર્તિકેય સારાભાઈની પેનલ દ્વારા વિચારો રજૂ કર્યા હતાં.